# એક

# ભારત

# શ્રેષ્ઠ

# ભારત

# સૌનો સાથ

# સૌનો વિકાસ

# ચૂંટણી ઢંઢેરો
# 2014

# મહત્ત્વના મુદ્દાઓ

**પ્રસ્તાવના**

આજે ભારત લોકશાહી, વૈવિધ્યસભર ભૌગોલિક પરિસ્થિતિ અને વિપુલ માંગની દુર્લભ ક્ષમતા અને તકો ધરાવતો દેશ છે. આપણે તેને સુદૃઢ બનાવીને તેનો યોગ્ય ઉપયોગ કરીશું, તો ભારતને લાયક ઊંચાઈ સુધી પહોંચાડી શકીશું. દેશની વર્તમાન કફોડી હાલતનું સૌથી મોટું કારણ દેશમાં 60 વર્ષ સુધી શાસન કરનારાઓના બદઈરાદા છે. અને અમે સૌપ્રથમવાર તે ક્ષેત્રમાં કંઈક અનોખું કરી બતાવવાના છીએ.

ભાજપ માટે ભાવિ નીતિઓ અને કાર્યોનું ધ્યેય છે: એક ભારત, શ્રેષ્ઠ ભારત! તે માટેનો માર્ગ રહેશે: સૌનો સાથ, સૌનો વિકાસ. દેશની જનતા માટે આ અમારી પ્રતિબદ્ધતા છે.

શ્રી નરેન્દ્ર મોદીના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ પક્ષના આ નિર્ધાર સાથે અમે 16 મી લોકસભાના ચૂંટણીજંગમાં ઝંપલાવી રહ્યા છીએ. અમે સ્થિર, મજબૂત, સ્વપ્નદૃષ્ટા અને પ્રગતિશીલ સરકાર પૂરી પાડવાનું વચન આપીએ છીએ.

**આપણા પોતાના અને આપણા દેશના નસીબ બદલી શકવાની તક**

અત્યાધુનિક ટેકનોલોજી અને માળખાકીય સુવિધાઓ ધરાવતા 100 શહેરોનું નિર્માણ.

દેશના 100 સૌથી પછાત જિલ્લાઓને સંકલિત વિકાસથી અને અગ્રક્રમ આપીને વિકસાવવામાં આવશે અને તેને અન્ય જિલ્લાઓની સમકક્ષ બનાવવાનો વ્યૂહ.

બધાને રહેવા મકાન મળે અને તે વીજળી, પાણી, શૌચાલય જેવી સવલતોથી સુસજ્જ હોય.

રૂર્બનની વિચારધારા વડે 'ગ્રામીણક્ષેત્રની કાયાપલટ' માટે એક સર્વાંગી કાર્યક્રમ હાથ ધરાશે અને તેના વિચાર દ્વારા ગ્રામવિસ્તારોને શહેરી સુવિધાઓ પ્રદાન કરાશે. આ યોજનામાં ગામડાનું મૂળ વાતાવરણ જાળવી રાખવામાં આવશે.

જવાબદાર અને વ્યાપક 'રાષ્ટ્રીય ઊર્જા નીતિ' ઘડાશે.

ઘરો અને ઉદ્યોગો માટે ગેસ ઉપલબ્ધ બનાવવા માટે ગેસ ગ્રીડ સ્થાપવામાં આવશે.
ગ્રામીણ સ્તર સુધી નેશનલ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક સ્થાપવામાં આવશે અને જાહેર સ્થળોને વાઈ ફાઈ ઝોન બનાવાશે.
હાઈ સ્પીડ ટ્રેન(બુલેટ ટ્રેન) નેટવર્કનો હિરક ચતુર્ભુજ પ્રોજેક્ટ.
કૃષિ રેલવે નેટવર્ક સ્થપાશે, યાત્રાધામોને રેલવે નેટવર્કથી આવરી લેવાશે અને વ્યૂહાત્મક નવા રેલ નેટવર્ક સ્થાપવામાં આવશે.
મોટા પાયે સસ્તા દરે આવાસ(હાઉસિંગ) કાર્યક્રમ લવાશે. જેથી દરેક કુટુંબને આઝાદ ભારતની 75મી જયંતી સુધીમાં પોતાનું પાકું ઘર હોય.

**ભાવવધારો રોકવા પગલાં**

કાળાબજાર અને સંગ્રહખોરી ડામવા કડક પગલાં લેવામાં આવશે અને ખાસ કોર્ટની સ્થાપના કરાશે.
ભાવસપાટી સ્થિરતા ભંડોળ રચવામાં આવશે.
એફસીઆઈ (ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા)ની કામગીરીમાં ફેરફારો લાવીને તેના દ્વારા અનાજ ખરીદી, સંગ્રહ અને વિતરણ વધુ કાર્યક્ષમ બનાવાશે.
એક 'રાષ્ટ્રીય કૃષિ બજાર' વિકસાવાશે.

**ભ્રષ્ટાચાર સામે લડત**

ભ્રષ્ટાચારને ડામવા માટે એવી સિસ્ટમ સ્થાપિત કરાશે કે જેનાથી ભ્રષ્ટાચારની તકો જ નાબુદ થઈ જાય.
ઈ ગવર્નન્સને ટેકનોલોજી વડે સક્ષમ બનાવાશે - નાગરિકોએ સરકારી કચેરીઓમાં વારંવાર ધક્કા ખાવા ન પડે એવી વ્યવસ્થા કરાશે.
સિસ્ટમ આધારિત, નીતિ આધારિત શાસન - તેને પારદર્શક બનાવવામાં આવશે.

તમામ સ્તરે પ્રક્રિયાઓ અને કાર્યવાહીનું સરળીકરણ - નાગરિકો, સંસ્થાઓ અને સંગઠનો પર વિશ્વાસ વધે એવી વ્યવસ્થા.

**રોજગાર અને ઉદ્યમશીલતા**

વ્યૂહાત્મક રીતે, કાપડ ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ અને પર્યટન જેવા કામદારલક્ષી ક્ષેત્રોનો વિકાસ કરાશે.
કૃષિમાં પરંપરાગત રોજગારનો પાયો મજબૂત બનાવાશે અને તેને સંલગ્ન ઉદ્યોગો લાવીને તેમજ રિટેલક્ષેત્રનું આધુનિકીકરણ કરાશે.
રોજગાર વિનિમય કેન્દ્રોનું કારકિર્દી કેન્દ્રોમાં પરિવર્તન કરાશે.

**મહિલાઓને રાષ્ટ્ર ઘડતરમાં સ્થાન**

સંસદ અને રાજ્ય વિધાનસભામાં 33% આરક્ષણ લાવવા માટે બંધારણીય સુધારો પસાર કરાશે.
દિકરીઓને બચાવવા તેમજ તેના શિક્ષણ માટે રાષ્ટ્રીય અભિયાન - બેટી બચાઓ - બેટી પઢાઓ શરૂ કરાશે.
મહિલાઓ માટે ખાસ આઈટીઆઈ સ્થાપવામાં આવશે, વર્તમાન આઈટીઆઈ સંસ્થાઓમાં મહિલા વિભાગની રચના કરવામાં આવશે.
એસિડ હુમલાનો ભોગ બનતી યુવતીઓ માટે ખાસ કલ્યાણ ફંડ સ્થાપીને તેને સંબંધિત તમામ તબીબી ખર્ચની કાળજી લેવામાં આવશે. જેમાં ભોગ બનેલી યુવતીની સારવાર અને તેને કોસ્મેટિક રિકન્સ્ટ્રક્ટીવ સર્જરી માટે ભંડોળ ફાળવવમાં આવશે.
પોલીસ સ્ટેશનોમાં મહિલાઓ માટે સાનુકૂળ વાતાવરણ સર્જવામાં આવશે અને મહિલા

પોલીસની સંખ્યા વિવિધ સ્તરે વધારવામાં આવશે.

## અનુસૂચિત જાતિ-જનજાતિ અને અન્ય પછાત વર્ગને સામાજિક ન્યાય અને અધિકારો

સામાજિક ન્યાયના સિદ્ધાંતોને અનુસરીને સામાજિક ન્યાય અને સામાજિક સમરસતા (સંવાદિતા) વચ્ચે સેતુ સાધવામાં આવશે.

તમામ સ્તરે અસ્પૃશ્યતા સંપૂર્ણ રીતે દૂર કરવા માટેની પ્રતિબદ્ધતા.

અનુસૂચિત જાતિ-જનજાતિ અને અન્ય પછાત વર્ગમાં શિક્ષણ અને સાહસિકતાનું પ્રમાણ વધારવાને સર્વોચ્ચ અગ્રતા અપાશે

અનુસૂચિત જાતિ-જનજાતિ અને અન્ય પછાત વર્ગ માટેની વિવિધ યોજનાઓને પૂરતું ભંડોળ ફાળવવામાં આવશે અને તેનો યોગ્ય રીતે ઉપયોગ થાય તેની તકેદારી લેવાશે.

એક મિશન મોડ પ્રોજેક્ટ વડે તેઓને આવાસ, શિક્ષણ, આરોગ્ય ઉપલબ્ધ કરવામાં આવશે અને કૌશલ્ય વિકાસના કાર્યક્રમો હાથ ધરાશે.

આદિવાસીઓ માટે શિક્ષણ નેટવર્કની સ્થાપના કરાશે અને તેઓને પૂરતા પ્રમાણમાં આવાસ, પાણી, આરોગ્ય સુવિધા અને માર્ગ તેમજ ઊર્જા જોડાણ મળી રહે તેની તકેદારી લેવાશે.

આદિવાસીઓને જમીન વિમુખ કરાય નહિ કે તેની તકેદારી લેવાશે.

## લઘુમતી વર્ગને સમાન તકો

રાષ્ટ્રીય મદરેસાઓના આધુનિકીકરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવશે

લઘુમતી શૈક્ષણિક સિસ્ટમોને મજબુત બનાવાશે અને સંસ્થાઓને આધુનિક બનાવાશે.

લઘુમતી વર્ગની જનતા આપણા કુટીર અને લઘુ ઉદ્યોગનો મુખ્ય આધાર છે તે બાબતને ધ્યાનમાં રાખીને તેઓમાં પરંપરાગત કલાકારીગરી અને ઉદ્યોગસાહસિક કુશળતાને

વિકસાવાશે.
ગુનાખોરી અથવા શોષણને સ્થાન ન હોય એવું શાંતિપૂર્ણ અને સહિસલામત વાતાવરણ સ્થાપવામાં આવશે.

## નીચલા મધ્યમ વર્ગના સપના સાકાર થશે

શૈક્ષણિક શિષ્યવૃત્તિ અને શૈક્ષણિક સુવિધાઓ મળશે. તબીબી વીમો અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળશે. મધ્યમ આવક ધરાવતા પરિવારોને આવાસ યોજનાથી સાંકળી લેવાશે. જાહેર પરિવહન સિસ્ટમો કાર્યક્ષમ બનાવાશે.

## આતંકવાદને જરાપણ સાંખી નહિ લેવાય

આતંકવાદ-વિરોધી વ્યવસ્થાને ફરી અમલમાં લાવીને, એનઆઈએની ભૂમિકા મજબૂત બનાવશે. આતંકવાદીઓને સંબંધિત કેસોની ન્યાયી સુનાવણી માટે ખાસ સિસ્ટમ લવાશે. આતંકવાદ સંલગ્ન માહિતીના મૂલ્યાંકન માટે ખાસ કેન્દ્ર બનાવવા માટે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદમાં સુધારો કરાશે.
ગુપ્તચર માહિતીને એકત્ર કરવાની સિસ્ટમ સુધારીને તેને સંપૂર્ણપણે આધુનિક બનાવવામાં આવશે.

## વરિષ્ઠ નાગરિકોના લાભાર્થે

કરવેરામાં વધારાની છુટછાટો અપાશે. તેઓની મૂડી પર ઊંચા વ્યાજદર આપીને નાણાકીય આધાર પૂરો પાડવામાં આવશે.
તેઓના અનુભવના પરિપાકનો દેશહિતમાં ઉપયોગ કરવામાં આવશે.

## વિકલાંગજનો માટે

'વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ખાસ ખરડો' લાવવામાં આવશે.

સમગ્ર દેશમાં દરેક વિકલાંગ વ્યક્તિની ઓળખ માટે વેબ આધારિત અપંગતા નોંધણી સિસ્ટમ સ્થાપવામાં આવશે.

## યુવાપેઢીની મદદથી ભારત અણનમ બનશે

રાષ્ટ્રીય યુવા સલાહકાર પરિષદ સ્થાપીને 'વિકાસ માટે યુવા' નામથી ખાસ કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.

નાવીન્ય અને સાહસિકતાને પ્રોત્સાહન આપવા 'જિલ્લા સ્તરે અમલ અને પ્રવેગક' કાર્યક્રમ રાષ્ટ્રીય સ્તરે હાથ ધરવામાં આવશે.

ખેલકૂદને પ્રોત્સાહન આપવા માટે 'રાષ્ટ્રીય રમતગમત પ્રતિભા શોધ સિસ્ટમ' લાવવામાં આવશે.

## આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બનાવવી, ગુણવત્તા સુધારણા અને મૂલ્ય ઘટાડવાનું ધ્યેય

'બધા ભારતીયોના ખિસ્સાને પરવડે એટલી ઓછી કિંમતે આરોગ્યસેવાની ખાતરી'

નવી આરોગ્ય નીતિ અને નેશનલ હેલ્થ એસ્યોરન્સ મિશન.

તબીબી સેવાઓને સુદૃઢ બનાવવા માટે મોબાઈલ ફોનના સર્વવ્યાપક પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવશે અને 'નેશનલ ઈ-હેલ્થ ઑથોરિટી' સ્થાપવામાં આવશે.

દરેક રાજ્યમાં AIIMS જેવી સંસ્થા સ્થાપવામાં આવશે.

વર્ષ 2019માં ગાંધીજીની 150 મી જન્મ જયંતિ પ્રસંગે 'સ્વચ્છ ભારત' કાર્યક્રમ શરૂ કરાશે.

**કરમાળખાનું સરળીકરણ**

કરદાતાઓને કષ્ટ ન પડે એવું સાનુકૂળ વાતાવરણ પૂરૂં પાડવામાં આવશે અને કરમાળખાનું સરળીકરણ કરીને તેને તર્કસંગત બનાવવામાં આવશે.

**કૃષિને ઉત્પાદક, વૈજ્ઞાનિક અને નફાકારક બનાવાશે**

ખેડૂતો માટે ઉત્પાદન ખર્ચ પર ઓછામાં ઓછા 50% નફાની ખાતરી રહે એવી વ્યવસ્થા કરાશે.

પ્રાદેશિક કિસાન ટીવી ચેનલ સ્થપાશે, એપીએમસી કાયદામાં સુધારણા કરાશે. પાક વીમા યોજના અમલમાં મૂકાશે.

જમીન વપરાશ માટેની રાષ્ટ્રીય નીતિ અપનાવવામાં આવશે

**ઉદ્યોગોને અત્યાધુનિક અને સ્પર્ધાત્મક બનાવાશે**

ભારતમાં 'વ્યાપાર'ને સરળ બનાવવા માટે સાનુકૂળ અને સક્રિય વાતાવરણનું નિર્માણ કરવામાં આવશે.

સ્થિર સત્તા સહિત લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખાતરી અપાશે.

મલ્ટી બ્રાન્ડ રિટેલ ક્ષેત્રમાં સીધા વિદેશી મૂડીરોકાણને પરવાનગી નહિ અપાય.

કુટિર, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના ક્ષેત્રના આધુનિકીકરણ માટે ટેકનોલોજીના વધુ સારી રીતે ઉપયોગ સાથે સક્રિય સામાન્ય ધિરાણ અપાશે.

**ગ્રામવિકાસ**

ગામડાઓને બધી મોસમમાં રોડ જોડાણ મળી રહે તેની તકેદારી લેવાશે.
'તમામ ખેતરને પાણી' સૂત્ર હેઠળ 'વડા પ્રધાન ગ્રામ સિંચાઈ યોજના' લાગુ કરાશે.

**અસંગઠિત ક્ષેત્ર**

અસંગઠિત ક્ષેત્રમાં કામદારો માટે ખાસ ઓળખપત્ર અપાશે, સમર્પિત કામદાર બેન્ક સ્થપાશે, વિશેષ પેન્શન અને આરોગ્ય વીમા યોજના લવાશે
લુહાર, સુથાર, વણકર, હજામ મોચી અને કુંભાર વર્ગની કુશળતા વધારવા ખાસ પગલાં લેવાશે.

**ભૂતપૂર્વ સૈનિકો**

ભૂતપૂર્વ સૈનિકોની સમસ્યાઓના સમાધાન માટે ખાસ પંચની રચના કરાશે.
હિમાલયની જાળવણી માટે ખાસ ભંડોળ સ્થપાશે.

હિમાલયન ટેક્નોલોજી બાબતે વિશેષ કેન્દ્રીય યુનિવર્સિટી સ્થાપવામાં આવશે.

**અન્ય નોંધપાત્ર પગલાં**

મિશન મોડ પ્રોજેક્ટ હેઠળ 50 પ્રવાસી સર્કિટ બનાવવામાં આવશે. જેમાં પુરાતત્વીય અને હેરિટેજ, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક, હિમાલય, રણ પ્રદેશ, સાગરકાંઠા અને આરોગ્યને લગતી સર્કિટનો સમાવેશ કરવામાં આવશે.
'નેશનલ મલ્ટી - સ્કીલ મિશન' શરૂ કરવામાં આવશે.

વસતિવધારા નિયંત્રણ પર ખાસ ભાર મૂકવામાં આવશે અને તેને મિશન મોડ પ્રોગ્રામ તરીકે હાથ ધરવામાં આવશે.

**સંસ્કૃતિ અને વારસાનું જતન**

બંધારણના માળખામાં રહીને અયોધ્યામાં રામમંદિરના નિર્માણની તમામ શક્યતાઓ વિશે વિચારણા કરવામાં આવશે.

'સેતુ-સમુદ્રમ ચેનલ' પર કોઈ પણ નિર્ણય લેતી વખતે વિશાળ થોરિયમ ધરાવતા રામ-સેતુના વ્યૂહાત્મક મહત્વને ધ્યાનમાં લેવામાં આવશે

ગાય અને ગોવંશને રક્ષણ તેમજ તેના ઉછેરને પ્રોત્સાહન આપવામાં આવશે.

યુનિફોર્મ સિવિલ કોડ આધુનિક સમય સાથે સુસંગત બને એ રીતે અમલી બનાવાશે.

**સંસ્થાકીય સુધારણા**

વડાપ્રધાનની કચેરી હેઠળની યોગ્ય સંસ્થા હેઠળ વહિવટી સુધારણાનો અમલ કરાશે..

અસરકારક લોકપાલની સ્થાપના કરવામાં આવશે.

ઈ-ગ્રામ અને વિશ્વ ગ્રામ યોજનાઓ શરૂ કરવામાં આવશે.

ન્યાયાલયો અને ન્યાયાધીશો સંખ્યા બમણી કરાશે અને ન્યાયતંત્રમાં તમામ સ્તરે ફાસ્ટ ટ્રેક કોર્ટ સ્થપાશે.

**સરકારની એકમાત્ર વિચારધારા - 'ભારત પ્રથમ'**

**સરકારનું એકમાત્ર શાસ્ત્ર - 'ભારતીય બંધારણ'**

**સરકારની એકમાત્ર સત્તા - 'ધ પીપલ ઓફ પાવર'**

**સરકારની એકમાત્ર પ્રાર્થના 'જન કલ્યાણ'**

**સરકારનું એકમાત્ર સૂત્ર 'સૌનો સાથ, સૌનો વિકાસ'**

**અમારો સંકલ્પ**

મુક્ત, પારદર્શક અને સિસ્ટમો-આધારિત સરકાર

સક્રિય, જનતા-તરફી સુશાસન

**એક ભારત - શ્રેષ્ઠ ભારત**

ભાજપ લાવો
દેશ બચાવો

અબકી બાર
મોદી સરકાર